# ગઝલ-ગુલદસ્તો

--જયશ્રી વીનુ મર્ચન્ટ 'ભગ્ન'--

૧.

## ઓસરીએ..

ચાલ, વર્ષો પછી બેસીએ આજે સાથે ઓસરીએ !
વીતેલાં અબોલાનો ઉત્સવ ઉજવીએ, ઓસરીએ.
માછલી બની દરીયામાં ક્યાં તરતાં-રમતાં રહેવું છે?
તારી સાથે જળ વીના તરફડવું છે, બેસી ઓસરીએ !
વાવેલાં હરીત વૃક્ષો સહુ મુળીયાંભેર જ ઉખડી ગયાં !
ખરેલાં પાનનો ખડકલો રહી ગયો હવે ઓસરીએ !
પડું પડું થતી ઘરની ભીંત કે છતનો શો છે ભરોસો?
ઘરનો આભાસ તો બાકી રહેશે, સદાએ ઓસરીએ !
વન-ઉપવનને શહેરોના અજગર ભલેને ગળી ગયા !
બાકી તોયે રહ્યો છે હજુયે તુલસી ક્યારો ઓસરીએ!
'ભગ્ન' સંબંધોની સીલક છે વર્ષો જુના થોડા પત્રો !
વાંચ્યા કરો બેસી હવે, એને, એકાંતની ઓસરીએ!

૨.

## ગઝલનો

હું બનીને રદીફ કરી આપું લે, ઉઘાડ ગઝલનો !
તું બનીને જો, બસ એકવાર કાફીયા ગઝલનો !
ગુફ્તેગુ આપણી બની જાય જો પ્રસીદ્ધ ગઝલ,
તું જ કહે, છે એમાં ક્યાં કોઈ કશો વાંક ગઝલનો?
ખુદાની આંગળીએ વળગીને જાણે ચાલતી રહી,
એક વાર બસ, ઝાલી શું લીધો મેં હાથ ગઝલનો !
માનુની પછી તો એક પળમાં બસ બની ગઈ હું,
પરખાઈ ગયો એક વાર જેવો મીજાજ ગઝલનો !
આંખ અને હ્રદયની વચ્ચે સેતુ તો બંધાઈ ગયો,
દઈ દે હવે એને ટેકો બનાવી થાંભલો, ગઝલનો !
તારી ને મારી વચ્ચે હવે ક્યાં કોઈ પડદો છે, ખુદા?
હું તો માત્ર કાયા, ને છે તું તો પ્રાણ ગઝલનો !
'ભગ્ન' શાયરની બીજી ઓળખ પણ હોય શું?
હતો, છે, રહેશે સદા એ તો આશીક ગઝલનો !

૩.

## સાવ અમસ્તાં !

વરસાદ નયે આવે, ચાલને, સાથે વરસીએ, સાવ અમસ્તાં..!
મોસમ ભલે બદલે, પણ ન આપણે બદલીએ, સાવ અમસ્તાં..!

ન સજવું, સજાવવું, મહેકવું, મહેકાવવું, ઘર, મંદીર યા બાગમાં,
આપણે તો બસ, ખીલીને, કરમાઈએ સાથે, સાવ અમસ્તાં..!
ક્યાં કોલ માગવા છે કે ક્યાં વચનો તોડવાં છે, આપણે અહીં ?
બસ, મુકીને હાથ હાથમાં, ચાલતાં રહીએ, સાવ અમસ્તાં..!
આ ઝરણું, કીરણ, ઘટા, તારા, ફુલ, પહાડો અને આ દરીયો,
અહીં આમ જ બસ, નીરર્થક ફરતાં રહીએ, સાવ અમસ્તાં..!
'ભગ્ન' શ્વાસ બંધ થવા સુધી હસતાં રહીએ, સાવ અમસ્તાં..!
બસ, અમસ્તાં હસતાં હસતાં, જીવતાં રહીએ, સાવ અમસ્તાં..!

૪.

## રહ્યું છે જ ક્યાં?

વાતમાં વાત જેવુંયે બાકી કશું રહ્યું છે જ ક્યાં?
ને કહેવા જેવું તોયે હજુયે કશું કહ્યું છે જ ક્યાં?
મને આંસુઓના સાગરમાં જ ડુબી જવા દો હવે,
તરણાંના આશરા જેવુંયે કશું રહ્યું છે જ ક્યાં?
સરી જતો બંધ મુઠ્ઠીમાંથી, રેતીની જેમ સમય,
બંધ મુઠ્ઠીમાં રાખવા જેવું નસીબરહ્યું છે જ ક્યાં?
કહે છે કે વળગણો છોડવાથી મોક્ષ મળી જાય છે !
છોડવા જેવું કોઈ વળગણ બાકી રહ્યું છે જ ક્યાં?
જા, તું અને હું, બેઉ હવે તો મુક્ત થઈ ગયાં અંતે,
બંધાઈને રહેવા જેવું કોઈ સગપણ રહ્યું છે જ ક્યાં?
'ભગ્ન' ગઝલોની વાહવાહની ગુંજ છે મહેફીલમાં,
સમજીને ગઝલને ચાહનારું કોઈ રહ્યું છે જ ક્યાં?

૫.

## મળશે તો...!

શોધવા નીકળીશ રાહબર અને ખુદ ખુદા મળશે તો?
વીધીના લેખ રુપે, સાંગોપાંગ, વીધાતા જ મળશે તો?
સેજ, મેડી, બારી, બારસાખ બધાં અવાચક થઈ જશે,
બનીને ચાંદ, દુલ્હન રુપે, મારી પડખે તું જો મળશે તો?
એક અડપલું અમથું નજરનું કર્યું, ત્યારે હતી શી ખબર?
મારા હાથમાં મહેંદીનાં વનનાં વન, પછી મને મળશે તો?
કસુંબલ આંખોનો કેફ કરતાં પછી મને બીવડાવો નહીં,
વીદાય, વ્યથા અને વેદનાનાં વમળ મને જો મળશે તો..?
જેને અ-ક્ષર રુપે પામવા, જીવનભર બસ, ઝુર્યા જ કર્યું,
'ભગ્ન' કબર પર પછી, એના જ હસ્તાક્ષર મળશે તો?

૬.

## જાઉં છું

ન રાખ ઉઘાડાં દ્વાર, તોયે જોને કેમ છટકી જાઉં છું,
કાયા તો રહી જાશે અહીંની અહીં, ને હું ઉડી જાઉં છું !
અવાવરુ ઘરમાં ધરબાયેલી, હું અતીતની ક્ષણ નથી,
ઝરો બનીને ફુટી છું, ને નદી બની ધસમસતી જાઉં છું!
જીવન-મરણનો ફરક ઝાઝો તો સમજાતો નથી, પણ
સુરજ બનીને ઉગી સવારે, તો સાંજના ઢળી જાઉં છું!
લીલભરી સપનાની ધરા પર, સતત લપસતી રહી છું,
પણ ગતીનો આનંદ તો હું, રોમેરોમ ભરીને જાઉં છું!
રોકવા ચાહો મને તોયે પછી, રોકી શકશો નહીં કોઈ,
અખંડ તારો બનીને લો, આભમાં ચમકવા જાઉં છું!

૭.

## કોણ પછી?

આ મારી ગઝલો છે કે નહીં, એની પરખ કરશે કોણ પછી?
આપણી વચ્ચેની સૌ ગુફ્તગુ તો જાહેર કરશે કોણ પછી?
મને અળગો રાખીને ન પુછ્યા કર કે આ જુદાઈ કેમ છે?
મીલનની મસ્તીની કદર આપણા જેટલી કરશે કોણ પછી?
ગમે છે સૌ દર્દ પણ સુખ જેટલાં જ મને, એનુંય કારણ છે,
માવજત દુખોની મારા જેવી,મારા વીના કરશે કોણ પછી?
'ભગ્ન' જીવનનો ભરોસો પણ રહ્યો નહીં તો શું થઈ ગયું?
ન હોત જો મોત તો ખુદાનો ભરોસો, કહે, કરશે કોણ પછી?

૮.

## શું કહું, કોને કહું?

સમજું છું સંપુર્ણપણે એને, કહો, કોને કહું?
હું મુક, અને એ અંધ-બધીર, કહો, કોને કહું?
ઝાકળીયા ઠાલા શબ્દો, મને ડુબાવતા રહ્યા,
છોડી દો મને મારા હાલ પર, કહો, કોને કહું?
ન જાણે કેટલા વરસાદ પીને પામ્યા, લીલાશ,
ઘાસની ક્ષણજીવી કુમાશના રાઝ, કોને કહું?
પ્લાસ્ટીકીયાં હાસ્યોના સતત આ શોર મહીં હું,
હું શોધું છું એક હુંફાળું સ્મીત, કહો, કોને કહું?
'ભગ્ન' ઈમારતને પડવામાં ઝાઝી વાર નથી,
કહી દો હવે, વીચારો નહીં, કે શું કહું, કોને કહું?

--જયશ્રી વીનુ મર્ચન્ટ 'ભગ્ન'- -
730- Saltillo Place, Fremont, California-94536-USA :Phone #: 510-209-4920
eMail : JMerchant@mail.cho.org



## કવયીત્રી-પરીચય

**જયશ્રી વીનુ મર્ચન્ટ, ‘ભગ્ન’**ના નામમાં જયશ્રીજીએ સીફ્તથી પોતાના વાલમજીનું નામ ગોઠવી દીધું છે. એમનું ચાલે તો પોતાનાં પૌત્ર અને પૌત્રીનાં નામ પણ સાથે લગાડી દે ! જગતની કોઈ પણ દાદીમાને તેમનાં પૌત્ર–પૌત્રી વીશે શાણી વ્યકતીએ સવાલ નહીં પુછવો. જયશ્રીબહેનને જીવનમાં ગઝલ જેટલો જ પ્રેમ એમનાં પૌત્ર શીવ અને પૌત્રી ઈશા માટે છે. આ વાત અમે નહોતી પુછી; પણ એમણે સામેથી બતાવી. ગઝલ બાબતમાં જયશ્રીજીની મેમરી ફોટોજીનીક છે. ફોટોજીનીક મેમરી તો આપણામાંથી ઘણાની હોય છે; પણ તેમાં ફીલ્મ નથી હોતી. જયશ્રીજીને જુના અને નવા–ગુજરાતી અને ઉર્દુના ગઝલકારોની કંઈ કેટલીય રચનાઓ કંઠસ્થ છે. કવી સંમેલનોના સંચાલનમાં તેમને તે ઉપયોગી થાય છે અને એમનું સંચાલન તેથી જાનદાર બને છે. ૧૯૪૯માં મુબઈમાં જન્મેલાં અને છેલ્લાં ૩૦ વરસથી અમેરીકામાં વસતાં જયશ્રી વીનુ મર્ચંટ **‘ભગ્ન’**ના ઉપનામથી ગઝલો સર્જે છે. છેલ્લાં ૧૦ વરસથી તેઓ સાનફ્રાન્સીસકોની બાળકોની હૉસ્પીટલમાં પૅથોલૉજી ડીપાર્ટમેન્ટના ડાયરેક્ટરની પદવી સંભાળે છે. આ અગાઉ પોતાના પતી વીનુભાઈ, પુત્ર ભાવીન અને પુત્રી જેસલ સાથે ફીલાડેલ્ફીયામાં રહેતાં હતાં. હજુ સુધી એમણે સ્વરચીત ગઝલોનો પોતાનો તો એકે સંગ્રહ પ્રકાશીત નથી કર્યો; પરંતુ કવયીત્રી પન્ના નાયકે પોતાનો એક કાવ્ય સંગ્રહ તેમને અર્પણ કરી, જયશ્રીબહેનની ઉંડી અને ઉંચી ગઝલ ક્ષમતાનું ઉચીત સન્માન કર્યું છે..

--**હરનીશ જાની** (ન્યુ જર્સી) અને **ઉત્તમ ગજ્જર** (સુરત)

‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com
‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **110** -- **July 15, 2007**

◆●◆

શુકવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **3,65,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત

લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **5600** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM_ પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા ‘ઓપીનીયન’ માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા ‘માતૃભાષા’ માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

◆●◆

## ●મધુરેણ સમાપયેત્●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્રભાઈ શાહ**નો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

**web site** : www.ameamericanamdavadi.com